# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના ( MYSY ) FAQs

**1. MYSY યોજનાની અરજી ક્યાં કરવાની તથા અરજી કરવાની પ્રક્રિયા શું છે?**

- MYSY યોજનાની અરજી **https://mysy.gujarat.gov.in/** પોર્ટલ પર ઓનલાઈન કરવાની હોય છે. વિદ્યાર્થીઓએ ઉક્ત પોર્ટલ પર Login/Register જઈને રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન કર્યા બાદ જરૂરી વિગતો ભરી, જરૂરી દસ્તાવેજો અપલોડ કરી હેલ્પ-સેન્ટર ખાતે વેરીફીકેશન કરાવવાનું હોય છે.

**2. MYSY યોજનામાં અરજી કરવા માટેની પાત્રતા શું છે?**

- MYSY યોજનામાં અરજી કરવા માટે નીચેની બે શરતો સંતોષતા હોવા જોઈએ.

  ૧) અ) સ્નાતક અભ્યાસક્રમ માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ

  બ) ડીપ્લોમાં અભ્યાસક્રમ માટે ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ

  ક) ડી-ટુ-ડી અભ્યાસક્રમ માટે ડીપ્લોમાં અભ્યાસક્રમની પરીક્ષામાં ૬૫ ટકા કે તેથી વધુ ટકા

  ૨) રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનોને આ યોજનાનો લાભ મળશે.

  નોંધ: આ યોજના માત્ર સ્નાતક અભ્યાસક્રમ માટે જ છે, અનુસ્નાતક અભ્યાસક્રમ માટે નથી.

**3. MYSY યોજનાની અરજી કોલેજના કયા વર્ષમા કરી શકાય?**

- પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ કોલેજના પ્રથમ વર્ષમાં MYSY યોજના હેઠળ અરજી કરી શકે છે. જે વિદ્યાર્થીઓ શરતચૂકથી અરજી કરવાનું ચુકી ગયા હોય તેઓ કોલેજના કોઈપણ વર્ષમાં અરજી કરી શકે છે. તેઓએ Login/Register માં જઈને "Delayed Application"માં રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

**4. MYSY યોજનાની રીન્યુઅલ સહાયની અરજી કેવી રીતે કરવી તથા MYSY યોજનાની રીન્યુઅલ સહાયની પ્રક્રિયા શું છે?**

- પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ MYSY યોજનાના વેબપોર્ટલ Login/Registerમાં જઈને "Renewal Application"માં લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ જરૂરી વિગતો ભરી, જરૂરી દસ્તાવેજો અપલોડ કરી, એપ્લીકેશનને લોક કરવાની રહે છે.

**5. કોલેજનાં અભ્યાસક્રમનાં દરેક વર્ષમાં MYSY યોજનાની શિષ્યવૃત્તિ મેળવવા માટે અરજી કરવાની હોય છે ?**

- હા, કોલેજનાં અભ્યાસક્રમનાં દરેક વર્ષમાં MYSY યોજનાની શિષ્યવૃત્તિ મેળવવા માટે અરજી કરવાની હોય છે.

**6. MYSY યોજનાની અરજી કરવા માટે અરજીકર્તા વિદ્યાર્થીના કેટલા પર્સેન્ટાઇલ/ટકા હોવા જરુરી છે?**

- MYSY યોજનામાં અરજી કરવા માટે અરજીકર્તા વિદ્યાર્થીને નીચે મુજબના પર્સેન્ટાઇલ/ટકા હોવા જરુરી છે.
  - સ્નાતક અભ્યાસક્રમ માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ
  - ડીપ્લોમાં અભ્યાસક્રમ માટે ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ
  - ડી-ટુ-ડી અભ્યાસક્રમ માટે ડીપ્લોમાં અભ્યાસક્રમની પરીક્ષામાં ૬૫ ટકા કે તેથી વધુ ટકા

## 7. MYSY યોજનાની સહાય માટે અરજી કરવા કયા કયા ડોક્યુમેન્ટસ જરૂરી છે તથા ડોક્યુમેન્ટસ જમા કરાવવાની પ્રોસેસ શું છે?

- MYSY યોજનાની સહાય માટે અરજી કરવા નીચે મુજબના ડોક્યુમેન્ટસ હોવા જરૂરી છે.
- **List of Documents for Fresh Application**
  - આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ
  - રેશનકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ
  - ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ પાસ કર્યાની માર્કશીટની સ્વ-પ્રમાણિત નકલ,
  - ડીગ્રી /ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાનો પ્રવેશ સમિતિનો લેટરની સ્વ-પ્રમાણિત નકલ,
  - ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની સ્વ-પ્રમાણિત નકલ,
  - સેલ્ફ ડિક્લેરેશન(અસલમાં),
  - વાલીની આવકનું પ્રમાણપત્ર(તલાટીકામ મંત્રી અથવા મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીનું)ની સ્વ-પ્રમાણિત નકલ,
  - સંસ્થાના આચાર્યશ્રીનુ, સંસ્થાના લેટરહેડ પર,પ્રમાણપત્ર(અસલમાં),
  - હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની પહોંચની સ્વ-પ્રમાણિત નકલ અથવા ભાડાકરાર
  - બેન્કમાં બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની સ્વ-પ્રમાણિત નકલ (બેંક એકાઉન્ટ નંબર અને IFSC લખેલ હોત તેવી)
- **List of Documents for Renewal Application**
  - આધારકાર્ડની નકલ (સ્વપ્રમાણિત)
  - રેશનકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ
  - સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રીન્યુઅલ માટેનું પ્રમાણપત્ર (અસલમાં)
  - વિદ્યાર્થીના પ્રથમ/બીજા/ત્રીજા (જે લાગુ પડતું હોય તે વર્ષ)ની માર્કશીટની (સેમેસ્ટર સીસ્ટમ હોય તો બન્ને સેમેસ્ટરની માર્કશીટ) નકલ (સ્વપ્રમાણિત)
  - વિદ્યાર્થીએ અભ્યાસક્રમના બીજા/ત્રીજા/ચોથા (જે લાગુ પડતું હોય તે વર્ષ)માં ફી ભર્યાની તમામ પહોંચની નકલ(સ્વપ્રમાણિત)
  - હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની પહોંચની સ્વ-પ્રમાણિત નકલ અથવા ભાડાકરાર
  - બેન્કમાં બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની સ્વ-પ્રમાણિત નકલ (બેંક એકાઉન્ટ નંબર અને IFSC લખેલ હોત તેવી)
- વિદ્યાર્થીઓએ તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન અપલોડ કરવાના હોય છે તથા હેલ્પ-સેન્ટર ખાતે જઈને જમા કરાવવાના હોય છે.

## 8. MYSY યોજનામાં અરજી કરવા માટે કૌટુંબિક વાર્ષિક આવક મર્યાદા શું છે?

- MYSY યોજનામાં અરજી કરવા માટે કૌટુંબિક વાર્ષિક આવક મર્યાદા રૂ.૬ લાખ છે.

## 9. MYSY યોજનાની અરજી કરેલ છે પણ હજી સુધી સહાય મળેલ નથી, તો એ વિશેની જાણકારી ક્યાંથી મળશે?

- MYSY યોજનામા અરજી કર્યા બાદ વિદ્યાર્થીઓને દરેક તબક્કે SMS દ્વારા જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ MYSY યોજનાના વેબપોર્ટલમાં Student Statusમાં લોગીન કરીને તેઓની અરજીની સ્થિતિ જોઈ શકે છે.

## 10. MYSY યોજનામાં સહાય મળવાની જાણ લાભાર્થીને કેવી રીતે કરવામાં આવે છે?

- MYSY યોજનામાં સહાય મળવાની જાણ લાભાર્થીને SMS દ્વારા કરવામાં આવે છે.

## 11. અરજીકર્તા MYSY ની હેલ્પલાઇન નંબર કયો છે ? <u>અથવા</u> MYSY માટે કઈ ફરિયાદ હોય તો ક્યાં ફોન કરવાનો ? <u>અથવા</u> MYSY માટે કઈ તકલીફ હોય તો ક્યાં ફોન કરવાનો?

- MYSY યોજનાનો હેલ્પલાઇન નંબર ૭૦૪૩૩૩૩૧૮૧ છે.

## 12. MYSY યોજનામાં ક્યાં અભ્યાસક્રમમાં કેટલી સહાયની રકમ મળવાપાત્ર છે?

- MYSY યોજનામાં નીચે મુજબની સહાયની રકમ મળવાપાત્ર છે

**૧) <u>ટ્યુશન ફી સહાય</u>**

**રકમ:** ટ્યુશન ફીની ૫૦ ટકા રકમ અથવા મહત્તમ મર્યાદામાં, તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય મળવાપાત્ર થશે.

| **અભ્યાસક્રમ** | **મહત્તમ મર્યાદા** |
|---|---|
| **મેડીકલ અને ડેન્ટલ** | રૂ. ૨ લાખ |
| ઇજનેરી/ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, એગ્રીકલ્ચર, આયુર્વેદ, હોમીયોપેથી, નર્સીંગ, ફીઝીયોથેરાપી, પેરા-મેડીકલ, વેટેરનરી | રૂ. ૫૦ હજાર |
| ડીપ્લોમા | રૂ. ૨૫ હજાર |
| બી.એ., બી.કોમ, બી.એસ.સી., બી.બી.એ, બી.સી.એ | રૂ. ૧૦ હજાર |

**(૨) <u>રહેવા-જમવા માટેની સહાય</u>**

- પાત્રતા ધરાવતા અને પોતાના વતનના તાલુકાની બહાર અભ્યાસ કરતા વિદ્યાર્થી
- સરકારી છાત્રાલયમાં પ્રવેશ મેળવી નહી શકનાર વિદ્યાર્થી
- ૧૦ મહિના માટે રૂ.૧,૨૦૦ પ્રતિ માસની ઉચ્ચક રકમ અભ્યાસક્રમની નિયત અવધિ માટે
- વર્ષે કુલ રૂ.૧૨૦૦૦/- મળવાપાત્ર

**(3) <u>સાધન-પુસ્તક સહાય</u>**

- ગવર્મેન્ટ અને સેલ્ફ-ફાઈનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળવાપાત્ર.
- અભ્યાસક્રમની અવધિ દરમ્યાન સાધન-પુસ્તક સહાય માત્ર એક જ વખત મળવાપાત્ર રહેશે.

| **અભ્યાસક્રમ** | **મળવાપાત્ર સહાય** |
|---|---|
| મેડીકલ અને ડેન્ટલના | રૂ. ૧૦ હજાર |
| ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કીટેક્ચર, એગ્રીકલ્ચર, આર્યુવેદ, હોમિયોપેથી, નર્સીંગ, ફીઝીયોથેરાપી, પેરા-મેડીકલ, વેટરનરી, ઇન્ટીરીયર ડીઝાઇન, પ્લાનીંગ, હોટેલ મેનેજમેન્ટ | રૂ. ૫ હજાર |
| ડીપ્લોમા | રૂ. 3 હજાર |

## 13. MYSY યોજનાની શિષ્યવૃત્તિ મળવાની સાથે ડિજિટલ ગુજરાત કે અન્ય કોઇ સહાય કે લોન માટે અરજી કરી શકાય?

- MYSY યોજના હેઠળ લાભ મેળવનાર વિદ્યાર્થીઓ ભારત સરકાર અથવા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અથવા અન્ય કોઈ યોજનાઓ પૈકી કોઈ એક જ યોજના હેઠળ લાભ મળવાપાત્ર છે.
- માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ઠરાવમાં દર્શાવેલ સાત કેટેગરીમાં આવતા અને કૌટુંબિક રૂ. ૪.૫૦ લાખ કે તેથી ઓછી વાર્ષિક આવક ધરાવતા વિદ્યાર્થીઓને મેરિટનાં આધારે લાભ આપવા ઠરાવવામાં આવેલ છે. MYSY યોજનાનો લાભ લેતા વિદ્યાર્થીઓ CMSS યોજનાનો પણ લાભ લઇ શકે છે. તે માટે વિદ્યાર્થીઓએ https://scholarships.gujarat.gov.in/ પર અરજી કરી શકે છે.

## 16.મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રીન્યુઅલ સહાય મેળવવા માટે પાત્રતાના ધોરણો કયા છે?

- વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા પછીના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં રીન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે સહાય મળી હોય તે પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ સાથે ઉત્તીર્ણ થવાનું રહેશે.
- સહાય મેળવનાર વિદ્યાર્થીઓની જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે.

## 17. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાં કેટલા હેલ્પ સેન્ટર છે?

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાં કુલ ૩૮૦ હેલ્પ સેન્ટર છે.

## 18. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અભ્યાસક્રમના તમામ વર્ષમાં એક જ હેલ્પસેન્ટરમાં ડોકયુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું હોય છે?

- વિદ્યાર્થીએ પોતાની જે-તે કોલેજ/યુનિવર્સીટીમાં ડોકયુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું હોય છે. પરંતુઅમુક ખાસ કિસ્સાઓમાં વિદ્યાર્થી બીજી કોલેજ/યુનિવર્સીટીમાં ડોકયુમેન્ટ વેરિફિકેશન કરાવી શકે છે. અભ્યાસક્રમના તમામ વર્ષમાં એક જ હેલ્પસેન્ટરમાં ડોકયુમેન્ટ વેરિફિકેશન કરાવવું જરૂરી નથી.

## 19. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત કોઈ દસ્તાવેજ પેન્ડીંગ હોય તો તેવા કિસ્સામાં શું કરવું જોઈએ?

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત કોઈ દસ્તાવેજ પેન્ડીંગ હોય તો ઓનલાઈન પોર્ટલ પર "Student Status"માં આઈડી અને પાસવર્ડથી લોગીન કરીને પેન્ડીંગ ડોકયુમેન્ટ અપલોડ કરવાની લીંકમાં ડોકયુમેન્ટ અપલોડ કરવાના રહેશે. પેન્ડીંગ ડોકયુમેન્ટ અપલોડ કર્યા પછી હેલ્પ સેન્ટરમાં જઈને તેનું વેરિફિકેશન કરાવવાનું રહેશે.

## 20. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત પેન્ડીંગ ડોકયુમેન્ટ કેટલા દિવસમાં અપલોડ કરીને વેરીફાય કરવાના હોય છે?

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત પેન્ડીંગ ડોકયુમેન્ટ ૭ દિવસની અંદર અપલોડ કરીને વેરીફાય કરવાના હોય છે.

**21. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વિદ્યાર્થીએ અભ્યાસક્રમના તમામ વર્ષમાં રજીસ્ટ્રેશન કરાવવાનું હોય છે?**

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં જ વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન કરવાનું હોય છે. રજીસ્ટ્રેશન કર્યા બાદ આઈડી અને પાસવર્ડથી લોગીન કરીને અરજી કરવાની હોય છે. અભ્યાસક્રમના બાકીના વર્ષ દરમિયાન એજ આઈડી અને પાસવર્ડથી લોગીન કરીને અરજી કરવાની હોય છે.

**22. ડીપ્લોમા ટુ ડીગ્રી કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીના કેટલા CGPA હોય તો મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો લાભ મળી શકે?**

- ડીપ્લોમા ટુ ડીગ્રી કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીના CGPA ૭ અથવા ૭ કરતા વધારે હોય તો મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજનાનો લાભ મળી શકે.

**23. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો લાભ સેમેસ્ટર મુજબ મળે છે કે વર્ષવાર મળે છે?**

- મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજનાનો લાભ વર્ષવાર મળે છે એટલે કે અભ્યાસક્રમના એક વર્ષમાં એક વાર મળે છે.

**24. ગામડામાં રહેતા વાલીના બાળકે આવકનું પ્રમાણપત્ર કોનું રજૂ કરવાનું હોય છે?**

- જો વાલીની વાર્ષિક આવક રૂ.૫.૩૦ લાખ સુધીની હોય તો તલાટી કામ મંત્રી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. વાર્ષિક આવક રૂ.૫.૩૦ લાખ થી વધારે હોય તો મામલતદાર દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે.

**25. વિદ્યાર્થીને હોસ્ટેલમાં પ્રવેશ ન મળે અને તે બીજા વિદ્યાર્થીઓ સાથે ઘર ભાડે રાખીને રહેતો હોત તો તેને મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજના અંતર્ગત હોસ્ટેલ સહાય મળવાપાત્ર છે?**

- જો વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીઓ સાથે ઘર ભાડે રાખીને રહેતો હોત તો તેને મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજના અંતર્ગત હોસ્ટેલ સહાય મળવાપાત્ર છે. આ કિસ્સામાં વિદ્યાર્થીએ ભાડાકરાર રજૂ કરવાનો રહે છે.

**26. જો કોઈ વિદ્યાર્થીની અરજી કોઈ કારણોસર પ્રથમ વર્ષમાં નામંજૂર થયેલ હોય તો તે વિદ્યાર્થીને અભ્યાસક્રમના બાકીના વર્ષ માટે મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજના અંતર્ગત સહાય મળવાપાત્ર છે?**

- જો કોઈ વિદ્યાર્થીની અરજી કોઈ કારણોસર પ્રથમ વર્ષમાં નામંજૂર થયેલ હોય તો તે વિદ્યાર્થી અભ્યાસક્રમના બાકીના વર્ષ માટે મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજનાના રિન્યુઅલ અરજીના પાત્રતા ધોરણો ધરાવતા હોય તો તેમને સહાય મળવાપાત્ર છે.

**27. યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા મોડી લેવાના કારણે પરિણામ આવેલ ન હોય, તેવા કિસ્સામાં વિદ્યાર્થી અરજી કરી શકે?**

- હા, યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા મોડી લેવાના કારણે પરિણામ આવેલ ન હોય તો તેવા કિસ્સામાં વિદ્યાર્થી એનેક્ષર-૯માં આપેલ સેલ્ફ ડીકલેરેશન ફોર્મ રજૂ કરીને અરજી કરી શકે છે.

**28. ઓનલાઈન પરિણામ મળેલ હોય પરંતુ તેની હાર્ડ કોપી મળેલ ન હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી અરજી કરી શકે?**

- હા, ઓનલાઈન આવેલ પરિણામ પર કોલેજના પ્રિન્સીપાલના સહી સિક્કા કરાવીને વિદ્યાર્થી ઓનલાઈન અપલોડ કરી શકે.

**29. પરીક્ષામાં કોઈ વિષયમાં ATKT આવતા રીટેસ્ટ પરીક્ષા આપેલ હોય અને પરિણામ આવેલ ન હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી અરજી કરી શકે?**

- પરીક્ષામાં કોઈ વિષયમાં ATKT આવતા રીટેસ્ટ પરીક્ષા આપેલ હોય અને પરિણામ આવેલ ન હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી એનેક્ષર-૯માં આપેલ સેલ્ફ ડીકલેરેશન ફોર્મ રજૂ કરીને અરજી કરી શકે છે.

**30. વિદ્યાર્થીનું આધાર નંબર બેન્ક ખાતા સાથે લિંક છે કે નહિ તે જાણી શકાય?**

- બેન્ક ખાતા સાથે આધાર નંબર જોડાયેલ (Aadhar seeding) છે કે નહિ તે ચેક કરવા માટે આ લીંક **https://myaadhaar.uidai.gov.in/** પર જઈને લોગઇન કરીને જોઈ શકાશે.

**31. મેડીકલ અને પેરામેડીકલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને ધોરણ-૧૨માં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ ન હોય તો પણ મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજના અંતર્ગત સહાય મળવાપાત્ર છે?**

- ના, મેડીકલના માત્ર MBBS કોર્ષના વિદ્યાર્થીઓ જ NEETના આધારે મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજના અંતર્ગત લાભ મેળવી શકે છે. MBBS કોર્ષ સિવાયના બાકીના તમામ કોર્ષના વિદ્યાર્થીઓને ધોરણ-૧૨માં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ હોવા ફરજિયાત છે.

**32. મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ (Higher)ના વિદ્યાર્થીઓને પુસ્તક સહાય મળવાપાત્ર છે?**

- ના, મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ (Higher)ના વિદ્યાર્થીઓને પુસ્તક સહાય મળવાપાત્ર નથી.

**33. જો કોઈ વિદ્યાર્થી ગુજરાત રાજ્યની બહાર બીજા રાજ્યમાં ઉચ્ચ અભ્યાસ કરે તો તેને મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજનાનો લાભ મળી શકે?**

- વિદ્યાર્થીએ ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ અથવા ડીપ્લોમાં ગુજરાત રાજ્યમાંથી પાસ કરેલું હોય અને તેઓ મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજનાના પાત્રતાના ધોરણો હેઠળ પાત્રતા ધરાવતા હોય તો તેને મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજનાનો લાભ મળી શકે છે.

**34. ૫ વર્ષના ઈન્ટીગ્રેટેડ કોર્ષમાં અભ્યાસક્રમના તમામ વર્ષમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો લાભ મળવાપાત્ર છે?**

- ૫ વર્ષના ઈન્ટીગ્રેટેડ કોર્ષમાં અભ્યાસક્રમના પ્રથમ ૩ વર્ષ સુધી જ મુખ્યમંત્રી યુવાસ્વાવલંબન યોજનાનો લાભ મળવાપાત્ર છે.